# સંસ્મરણોની વણઝાર



Dr. Sudhirbhai Shah

શારદામંદિર સ્કૂલ શબ્દ સાંભળતાં જ રોમાંચનો અનુભવ થાય છે. અનેક સોનેરી સંસ્મરણોની વણથંભી વણઝાર આંખ સામેથી પસાર થઈ રહી છે. શારદામંદિર મારી માતૃભૂમિ છે. તેમાંથી મારા ભવિષ્યના સ્વપ્નોનું વાવેતર થયું છે. મારા માટે મારી શાળાનું વરિષ્ઠ-વિશિષ્ઠ મહત્વ એટલા માટે છે કે એમાં શિક્ષણ સાથે સંસ્કારોનું જે સીંચન થયું છે, તેનો મારી કારકિર્દી નક્કી કરવામાં, મારા વ્યક્તિત્વના ઘડતર કરવામાં, મારા વ્યક્તિત્વના ઘડતર કરવા માટેનો સિંહફાળો છે. મારા વડીલોએ મારા શિક્ષણ માટે શારદામંદિર સ્કૂલ નક્કી કરી એ વાતનો મને ગર્વ છે.

મારા વ્યક્તિત્વના વિકાસમાં મારા ગુરૂઓનો વિશેષ ફાળો રહ્યો છે. સ્વ.પૂ. દિનુભાઈ તથા શિક્ષકગણે ખૂબ પ્રેમથી મને આવકાર્યો. ભણતર સાથે ગણતરનું જ્ઞાન મેળવવા માટે પ્રોત્સાહિત કર્યો. એમને મને લાડ લડાવ્યા, પ્રેમથી માર્ગદર્શન આપ્યું. સ્વ.ભાનુબેને માતૃભાષામાં રહેલા માધુર્યથી પરિચિત કર્યો. મારામાં સાહિત્ય-વાંચન પ્રત્યેની રૂચિ ઉભી કરી.

આ તબક્કે એક અંગત વાત કરી લઉં. શરૂઆતમાં મારા અક્ષર સારા નહોતા. અને મારે સુલેખન સ્પર્ધામાં ભાગ લેવો હતો, એ સમયે એમણે ખૂબ સરસ રીતે મારી આ ત્રુટિ તરફ નિર્દેશ કર્યો અને કેવી રીતે અક્ષર સુધારવા એનું માર્ગદર્શન આપ્યું. અને સુલેખન સ્પર્ધામાં મને બીજો નંબર મળ્યો. આ વાત અત્યારે એટલે યાદ આવે છે કે બાળકમાં રહેલી અસીમ ક્ષમતાને બહાર લાવવી એ પ્રત્યેક શિક્ષકનું કર્તવ્ય હોય છે પરંતુ આજે આવા કર્તવ્યનિષ્ઠ શિક્ષકો શોધવા મુશ્કેલ છે. મને ગર્વ છે કે આવા શિક્ષકો મને મળ્યા હતા. પૂ.ચંદુભાઈએ પણ ખૂબ સરસ ગુજરાતી શીખવ્યું. અને ગુજરાતી ગિરાના ગૌરવને પ્રતિપાદિત કરતાં શીખવ્યું. આ બંને શિક્ષકો તથા સ્વ.ગુણવંતીબેનના શિક્ષણથી હું ગુજરાતીમાં મારા વિષયને લગતું પુસ્તક લખી શકયો.

## ડો.સુધીર શાહને પદ્મશ્રી પુરસ્કાર

ડો.સુધીર શાહ અમદાવાદના નામાંકિત ન્યુરોલોજીસ્ટ છે અને વી.એસ.હોસ્પીટલના ન્યુરોલોજીના પ્રોફેસર પણ છે. ન્યુરોલોજી અંગેના વિવિધ સંશોધનો સાથે તેઓ સંકળાયેલા છે અને છેલ્લા ૨૦ વર્ષથી તેઓ આ ક્ષેત્રમાં પોતાની સેવાઓ આપી રહ્યા છે.

આ વર્ષે ૨૬મી જાન્યુઆરી, પ્રજાસત્તાક દિને આપણી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી, ડો.સુધીર શાહને પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા, જે માટે શાળા ગૌરવ અનુભવે છે. ભાઈ સુધીરભાઈને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ.

સ્વ.દેવેન્દ્રભાઈએ ખૂબ ધૈર્યથી મને સંસ્કૃત શીખવ્યું. એમના પ્રોત્સાહનથી હું રાજ્યકક્ષાની સંસ્કૃત ભૂષણ સ્પર્ધામાં પ્રથમ આવી શકયો. સંસ્કૃત ઉપરનું મારૂ પ્રભુત્વ આગળ જતા આધ્યાત્મિક પુસ્તકોના અર્થઘટનમાં ખૂબ કામ લાગ્યું. આપણી સંસ્કૃતિના ધરોહરસમા સંસ્કૃત ગ્રંથોને મૂળ સ્વરૂપે વાંચી શકયો. પૂ.કાંતિભાઈએ ગણિત શીખવ્યું. ખૂબ મહેનત કરાવી પુનરાવર્તન કરાવ્યું, જેથી સારા માર્કસથી ઉત્તીર્ણ થઈ જીવનની નિર્ધારિત યોગ્ય દિશા પકડી શકયો. સ્વ.શ્રી દિનુભાઈ તથા સ્વ.શ્રી સુરેન્દ્રભાઈએ વિજ્ઞાન તરફની અભિરૂચી કેળવવામાં મદદ કરી. પૂ.બાબુભાઈએ હિંદી ભાષાનું સઘન જ્ઞાન આપી રાષ્ટ્રભાષાની ગરિમા જાળવતા શીખવી જેનાથી આજે હિંદીમાં પુસ્તક લખવામાં સફળ થયો અને હિંદીમાં આત્મવિશ્વાસથી ભાષણ આપી શકું છું. પૂ.ગિરીશભાઈએ ઈંગ્લીશ શીખવ્યું. વ્યાકરણ સરસ રીતે શીખવ્યું અને ભાષાભંડોળ વધારવાનું માર્ગદર્શન આપ્યું. જેનાથી ઈંગ્લીશમાં ભાષણ આપી શકું છું. અને સફળ પુસ્તક પણ લખી શકયો છું.

આજે જીવનમાં પાછો વળી જોઉં છું ત્યારે મારી સારી-નરસી પરિસ્થિતિ સાથે રહેનાર મારા સંનિષ્ઠ મિત્રો - સહધ્યાયીઓ દેખાય છે. આવા કલ્યાણમિત્રોના સાથથી મારું જીવન સભર થયું છે. મિત્રોએ મારી મર્યાદાઓ સાથે મને સ્વીકાર્યો છે. અઢળક પ્રેમ છલકાવ્યો છે. સહકાર આપ્યો -માર્ગદર્શન આપ્યું છે. આવા પ્રેમાળ મિત્રો આપવા બદલ શાળાનો હૃદયપૂર્વક આભાર માનું છું. શાળામાં થતી ઈતર પ્રવૃત્તિઓથી જીવનમાં રહેલી મૌલિકતા બહાર આવે છે અને એની અસર આજીવન રહે છે. એકવાર નાટકમાં કવિ મફતલાલ બનેલો, એ વાત આજે પણ મારા બાળકો રસપૂર્વક સાંભળે છે. શાળાના સ્થાપનાદિન તથા ટીચર્સ - ડેની કાગડોળે રાહ જોતો. સ્થાપનાદિને અમે ભાઈઓ બહેનોના સહકારથી વર્ગ શણગારી બહેનોને રસોઈ કરવામાં મદદ કરી આચાર્યશ્રી પર સારી છાપ પાડવા પ્રયત્નો કરતા! શરૂઆતના ડર બાદ એમાં પણ આત્મવિશ્વાસ વધ્યો. આગળ જતાં સંગીત પ્રત્યે રૂચિ થઈ અને કલાસીકલ ગાયન-વાદનની કેળવણી લીધી. ટીચર્સ ડેના દિવસે નાના શિક્ષક બની શિક્ષકોનું અનુકરણ કરવાના પ્રયત્નો કરતાં, આ બધી ઉજવણીનો રોમાંચ અવર્ણનીય હતો. આવી અગણિત યાદોથી જીવન મધુર બન્યું છે.

આમ ઋષિતુલ્ય ગુરૂઓ આપવા બદલ તથા આજીવન સાથ આપનારા સંનિષ્ઠ મિત્રોના પ્રદાન બદલ શારદામંદિર સ્કૂલનું ઋણ સ્વીકાર કરું છું અને આભાર વ્યક્ત કરૂં છું અને માતૃસમાન સંસ્થા શારદામંદિર વિનયમંદિરને ચરણે મસ્તક ઝૂકાવું છું.

-ડો. સુધીર શાહ

*(ભૂતપૂર્વ વિદ્યાર્થી )*